ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# મિલ્કતવેરાની આકારણી સામે તંત્રને સાત હજાર અરજીઓ મળી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા મિલ્કતવેરાની કરાયેલી આકારણીને લઈ સાત હજાર જેટલી અરજીઓ મળતાં તંત્રના સત્તાધીશો પણ ચોંક્યા છે. ગત વર્ષની જેમ આ વખતે પણ આકારણીમાં ક્ષતિઓ રહેવા પામી છે જે શિરદર્દ સૌના માટે બનેલ છે.

ગાંધીનગર મનપામાં આવી સૌથી વધુ વિવાદી અરજીઓ દક્ષિણ ઝોનમાંથી ૪૫૫૩ જેટલી મળી હોવાનું જાણવા મળેલ છે, જ્યારે વિકાસનો આરંભ થયો છે તેવા ઉત્તર ઝોનમાંથી ૧૬૪૬ અને મધ્ય ઝોનમાંથી ૫૬૦ જેટલી અરજીઓ મળી છે.

તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર અરજીઓનો નિકાલ ઝોનકક્ષાએ થઈ ગયો છે. વિવાદિત અરજીઓ નહિવત બાકી છે અને તેનો પણ નિકાલ કરી દેવામાં આવશે. કેટલીક અરજીઓમાં ક્ષેત્રફળની ભૂલો હોવાનું તેમજ મિલ્કતનો ભારાંક ખોટો આકારવામાં આવ્યાની ફરિયાદો પણ છે.

**મિલ્કતવેરાની આવક અને મિલ્કતવેરો ભરનારી સંખ્યામાં વધારો નોંધાયો : સૌથી વધુ આવક અને અરજીઓ દક્ષિણ ઝોનમાં મળી**

જો કે મનપાના સૂત્રોએ જણાવ્યુ છે કે ગત વર્ષની તુલનામાં આ વર્ષે મિલ્કતવેરો ભરનારા અને મિલ્કતવેરાની આવકમાં વધારો થયો છે. મિલ્કતવેરાના દરમાં કરાયેલા વધારા સામે નારાજગી જોવા મળી રહી છે તે અંગે તંત્ર મૌન સેવી રહેલ છે. જો કે મનપા સેવાઓના સઘનીકરણ માટે સંકલ્પબદ્ધ હોવાની વાતો કરવામાં આવી રહી છે.

મનપાના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૩-૬-૨૩ સુધીમાં મનપાની મિલ્કતવેરાની આવક ૩૬.૬૩ કરોડ થઈ છે. મનપામાં સોફ્ટવેરની ક્ષતિઓને લઈ મિલ્કતધારકો જે રીતે કચેરીએથી વેરો ભર્યા વિના પરત જઈ રહ્યા છે તેને લઈ પણ તંત્ર મૌન સેવે છે અને કર્મચારીઓ પણ સોફ્ટવેરની ક્ષતિઓને લઈ મિલ્કતધારકોની પરેશાની સામે હાથ જોડતા નજરે પડે છે.

ગત વર્ષે ૧-૪-૨૩ થી ૨૩-૬-૨૩ સુધીમાં ૪૫ હજાર મિલ્કતધારકોએ મિલ્કતવેરો ભર્યો હતો જેની સામે આ વર્ષે આજ સમયગાળામાં ૭૫ હજાર જેટલા મિલ્કતધારકો મિલ્કતવેરો ભરી ગયા છે. મિલ્કતવેરાની વળતર યોજનાને પૂર્ણ થવાની આરે હવે સપ્તાહનો સમય બાકી છે ત્યારે મોટા બાકીદારોને ફોન અને મેસેજ કરી આવક વધે તે માટે મનપાએ મહેનત જરૂર આરંભી દીધી છે. જો કે શહેરમાં ૧ લાખ ૭૮ હજાર જેટલી મિલ્કતો નોંધાયેલી છે અને ૧ લાખથી વધુ મિલ્કતધારકોએ મિલ્કતવેરો ભર્યો નથી એ પણ સ્પષ્ટ છે. જે તંત્રની ચિંતાનો મુદ્દો છે.

મળતી વિગતો પ્રમાણે આ વખતે ઉત્તર ઝોનમાંથી મિલ્કતવેરાની આવક રૂ. ૯.૩૩ કરોડ જેટલી થઈ છે. મધ્ય ઝોનમાંથી રૂ. ૮.૮૩ કરોડ જેટલી અને દક્ષિણ ઝોનમાંથી રૂ. ૧૭.૬૫ કરોડ જેટલી આવક નોંધાઈ છે.

વિસ્તાર અને મિલ્કતોની દૃષ્ટિએ દક્ષિણ ઝોન સૌથી મોટો વિસ્તાર છે. જ્યારે મધ્ય ઝોનમાં શહેરનો જુનો વિસ્તાર આવે છે. મધ્ય ઝોનમાં આવક ઓછી છે અને સરકારી મિલ્કતો વધુ છે અને સરકારી મિલ્કતોની સૌથી વધુ રકમ બાકી નીકળે છે.

સરકારી મિલ્કતવેરાના વેરાની વસુલી માટે તંત્રના પ્રયાસોમાં હજુ સફળતા મળી નથી. ગત વર્ષે મિલ્કતવેરાની આવક ૬૫ ટકા થઈ હતી જે આ વર્ષે હજુ ૪૫ ટકા જેટલી આવક નોંધાઈ છે. આગામી દિવસોમાં આકરા પગલાંઓ માટેનો રોડમેપ તૈયાર કરવામાં આવી રહ્યાના નિર્દેશો પણ તંત્રના સૂત્રોમાંથી મળી રહ્યા છે.

# ભાટમાં ઓલમ્પીકનગર બનાવવાના ચક્રો ગતિમાન થયા

**શહેરી વિકાસ તથા રમતગમત વિભાગની ટીમે સ્થળ મુલાકાત પણ લીધી**

ગાંધીનગર, તા. ૨૫

આગામી ૨૦૩૪માં યોજાનાર ઓલમ્પીક રમતોત્સવને લઈ ગાંધીનગરમાં સમાવિષ્ટ ભાટ ખાતે ઓલમ્પિકનગર બનાવવાને લઈ તૈયારીઓ હાથ ધરાઈ છે.

મળતી વિગતો પ્રમાણે તાજેતરમાં શહેરી વિકાસ વિભાગ તેમજ રમતગમત વિભાગના સચિવ અશ્વિનીકુમારે ભાટ ગામની આ સંદર્ભે મુલાકાત પણ લીધી હતી.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ભાટમાં ઓલમ્પિકનગર બનાવવાને લઈ એસોસિએશનની તપાસ ટીમે પણ આ ગામની મુલાકાત લીધી હોવાની વાતો બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થઈ છે. જો કે રાજ્ય સરકાર દ્વારા આ અંગેની તૈયારીઓને વેગ આપી દેવામાં આવ્યો છે.

ગાંધીનગરમાં નેશનલ ગેમ્સના સફળ આયોજન પછી હવે ભાટમાં ઓલમ્પીકનગર ઉભુ કરવાનું આયોજન પણ ટૂંકમાં જ તૈયાર થશે તેમ જાણવા મળેલ છે.

આ માટે અમદાવાદમાં પણ પૂરજોશમાં તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. ગુજરાતમાં ઓલમ્પીકને લઈ રમતપ્રેમીઓમાં પણ ઉત્સાહ વધ્યો છે તેમજ રમતવીરો પણ બેવડો ઉત્સાહ ધરાવી રહ્યા છે.

ભાટમાં ઓલમ્પીકનગર કેટલા વિસ્તારમાં બનાવવામાં આવશે અને કેવુ હશે તેનુ આયોજન તૈયાર થયા પછી જાણવા મળશે. જો કે સચિવ અશ્વિનીકુમારની મુલાકાત પછી આ દિશામાં ચક્રો વધુ ગતિમાન થયા છે. આ સંદર્ભે આગામી એકાદ સપ્તાહમાં સરકારકક્ષાએ જિલ્લાના અધિકારીઓ સાથે આયોજનને લઈ બેઠક પણ થઈ શકે છે તેવા સંકેતો મળી રહ્યા છે.

# ગુજરાતમાં ચોમાસાનું વિધિવત આગમન : ખેડૂતો આનંદો

**અનેક સ્થળે વીજળી કડાકા સાથે ૧થી ચાર ઈંચ વરસાદ પડ્યો : વિધિવત આગમનની જાહેરાત કરતા લોકો અને ખેડૂતોમાં આનંદ**

ગાંધીનગર, તા.૨૫

રાજ્યમાં છેલ્લા ઘણા દિવસથી ગરમી અને અસહ્ય બફારાથી હેરાન પરેશાન લોકો તેમજ વાવણી માટે વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતોન માટે આનંદના સમાચાર આવ્યા છે. ભારતીય હવામાન વિભાગે ગુજરાતના કેટલાક ભાગોમાં ચોમાસાની વિધિવત આગમનની જાહેરાત કરી દીધી છે. આગાહી અનુસાર રાજ્યના કેટલાક વિસ્તારોમાં રવિવારે પણ વરસાદ નોંધાયો. સ્ઙ્ઘના ડાયરેક્ટર જનરલ ડૉ મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું કે, દક્ષિણ પશ્ચિમ ચોમાસું હવે સક્રિય છે. તેણે મુંબઈ સહિત સમગ્ર મહારાષ્ટ્રને આવરી લીધું છે. મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, દિલ્હી અને હરિયાણા, ગુજરાત, રાજસ્થાન, પંજાબ અને જમ્મુના કેટલાક ભાગોમાં પણ ચોમાસાનું આગમન થઈ ગયું છે. તે આગામી ૨ દિવસમાં આગળ વધશે અને અન્ય ભાગોને પણ આવરી લેશે. શનિવારે રાજ્યના ઘણા સ્થળોએ ખાસ કરીને પૂર્વીય ભાગોમાં શનિવારે મધ્યમથી ભારે વરસાદ પડ્યો હતો. અમદાવાદમાં વહેલી સવારે ઝરમર ઝરમર વરસાદ વરસ્યો હતો. ભારતીય હવામાન વિભાગ (સ્ઙ્ઘ)ની આગાહી અનુસાર, આગામી ૪૮ કલાકમાં રાજ્યમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસું આગળ વધવા માટે સ્થિતિ અનુકૂળ છે. હવામાન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે, મુખ્યત્વે ચક્રવાત બિપરજોયને કારણે ચોમાસાની શરૂઆત એક સપ્તાહ કરતાં વધુ વિલંબિત થઈ છે.

શહેરના ઘણા ભાગોમાં શનિવારે સવારે ૧૦ વાગ્યાથી બપોર દરમિયાન હળવા ઝાપટા પડ્યા હતા. મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ૩.૭ ડિગ્રી નીચું ૩૪ ડિગ્રી સેલ્સિયસ રહેતા આખો દિવસ વાતાવરણ વાદળછાયું રહ્યું હતું. લઘુત્તમ તાપમાન ૨૮.૮ ડિગ્રી સેલ્સિયસ સામાન્ય કરતાં ૧.૪ ડિગ્રી વધુ હતું.

**ભારે વરસાદની આગાહી**

૨૬ જૂન : વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં ભારે વરસાદ
૨૭ જૂન : વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં ભારે વરસાદ
૨૮ જૂન : સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં ભારે વરસાદ
૨૯ જૂન : સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં ભારે વરસાદ

# વાદળોના ઘેરાવા વચ્ચે ગાંધીનગરમાં બફારો

ગાંધીનગર, તા. ૨૫

આકાશમાં આજે આખો દિવસ વાદળો ઘેરાયેલા રહ્યા હતા. વાદળોના ઘેરાવ વચ્ચે બફારો યથાવત રહ્યો હતો. આખો દિવસ શહેરમાં ક્યાંય વરસાદ પડ્યો ન હતો.

ગુજરાતના ઘણા ભાગોમાં આજે વરસાદ પડ્યો હતો. સવારથી જ શહેરના આકાશમાં વાદળો ઘેરાયેલા જોવા મળ્યા હતા. વાદળોની સતત અવરજવર વચ્ચે એવુ લાગતુ હતુ કે હમણાં વરસાદ પડી જશે પરંતુ રાહ જોવા છતાં પણ વરસાદ પડ્યો ન હતો. છેલ્લા બે દિવસથી શહેરના આકાશમાં વાદળો ઘેરાયેલા રહે છે. જેના કારણે તડકો નથી પડતો પરંતુ બફારો ખુબ રહે છે. પવન સાવ નહીવત હોવાથી ઘરની બહાર નીકળો તો પરસેવે રેબઝેબ થઈ જવાય છે. બફારો અને ઉકળાટથી વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા છે.

આજે સવારે અમદાવાદના કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટુ પડ્યુ હતુ. પરંતુ ગાંધીનગરમાં વરસાદી વાતાવરણ હોવા છતાં ક્યાંય ઝાપટુ પડ્યુ ન હતુ. રાજ્યમાં ચોમાસાનો પ્રારંભ થઈ ચૂક્યો છે પરંતુ ગાંધીનગરાઓને હજુ ભારે વરસાદ માટે એકાદ-બે દિવસની રાહ જોવી પડશે એવુ લાગી રહ્યુ છે.

# કલોલમાં ઝાડા-ઉલ્ટીના વધુ ૨૫ કેસ નોંધાયા

**આરોગ્યમંત્રીએ પણ કલોલના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ પરિસ્થિતિની સમીક્ષા કરી**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં આજે પણ ઝાડા-ઉલ્ટીના વધુ ૨૫ કેસ મળી આવતાં તંત્રની ચિંતા વધી છે. કોલેરાના રોગચાળા પછી શહેરમાં છેલ્લા ત્રણ દિવસમાં ઝાડા-ઉલ્ટીના કેસોની સંખ્યા વધીને ૧૦૦ થઈ છે.

આજે શહેરના કોલેરા અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલે અધિક નિયામક ડૉ. નિલમ પટેલને સાથે રાખી તંત્રની ટીમ સાથે કરી હતી. તેમણે અસરગ્રસ્ત વિસ્તારના દર્દીઓની પણ મુલાકાત લઈ સ્વાસ્થ્ય સંદર્ભે પૃચ્છાઓ કરી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમીત શાહે પણ કલોલની સ્થિતિ અંગે જરૂરી તમામ પગલાંઓ લેવા માટે તંત્રને છુટોદોર આપવાની સૂચનાઓ આપ્યા બાદ આજે રાજ્યના આરોગ્યમંત્રીએ સરઢવ ખાતેનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તુરત જ કલોલ પહોંચ્યા હતા.

તેમણે આરોગ્યની ટીમ, ન.પા.ના હોદ્દેદારો, જિલ્લા કલેક્ટર હિતેષ કોયાની ઉપસ્થિતિમાં લેવાયેલા પગલાં અને જરૂરી પગલાંઓને લઈ વિસ્તૃત ચર્ચાઓ કરી હતી.

કલોલ શહેરમાં સતત ત્રીજે દિવસે પણ તંત્રની ટીમો દ્વારા સર્વેલન્સની કામગીરી ચાલુ રાખવામાં આવી હતી. જે રીતે રોગચાળાની સ્થિતિ જોવા મળી રહી છે તેને લઈ તંત્રએ આજે પણ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ખરીફ ઋતુનું વાવેતર ૨૫ ટકા વિસ્તારમાં સંપન્ન

**જિલ્લામાં ૩૨,૯૭૯ હેક્ટરમાં વાવેતર નોંધાયુ : કપાસ, મગફળી, શાકભાજી અને ઘાસચારાનું વાવેતર વધુ થયુ : મગ-તલનું વાવેતર પણ નોંધાયુ**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં ખરીફ ઋતુનું વાવેતર વેગીલુ બન્યુ છે. જિલ્લામાં સારો વરસાદ થવાનો હવામાન પૂર્વાનુમાન પછી ખેડૂતોમાં ખરીફ વાવેતરનો ઉત્સાહ બેવડાયો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૨,૯૭૯ હેક્ટરમાં વાવેતર સંપન્ન થયુ છે.

જિલ્લામાં ખેડૂતોએ આ ઋતુમાં પરંપરાગત ખેતીને અગ્રતા આપી છે. જિલ્લાનો મુખ્ય પાક ગણાતા કપાસનું વાવેતર ૧૪,૭૯૨ હેક્ટરમાં થયુ છે. તો રોકડિયા પાક ગણાતા શાકભાજીના પાકોનું વાવેતર ૪૩૩૯ હેક્ટરમાં થયુ છે. જિલ્લામાં મગફળીના પાકનું વાવેતર ૪૭૦૦ હેક્ટરમાં થવા પામ્યુ છે જેમાં હજી પણ વધારો થશે.

કપાસમાં વાવેતર સરારેશ ૧૯ થી ૨૦ હજાર હેક્ટર નોંધાતુ રહ્યુ છે તેની સામે આ વખતે ચોમાસાના આરંભે જ ૧૪ હજાર હેક્ટરથી વધુ વાવેતર સંપન્ન થઈ ચુક્યુ છે.

મગનું વાવેતર ૧૮ હેક્ટરમાં, તલનું વાવેતર ૪૫ હેક્ટરમાં, ગવારનું વાવેતર ૧૨૮ હેક્ટરમાં, મૂંગા પશુધન માટે ૮૨૪૦ હેક્ટરમાં ઘાસચારાનું વાવેતર સંપન્ન થયુ છે. ૪૬૦ હેક્ટરમાં ડાંગરના ધરૂનું વાવેતર થયુ છે.

જિલ્લામાં ખરીફ ઋતુનું વાવેતર ટકાવારીની દૃષ્ટિએ ૨૫.૬૫ ટકા જેટલુ થવા જાય છે. સૌથી વધુ વાવેતર માણસામાં ૩૨.૯૫ ટકા, દહેગામમાં ૨૭.૬૧ ટકા, ગાંધીનગરમાં ૨૭.૩૦ ટકા અને કલોલમાં ૧૪.૫૨ ટકા નોંધાયુ છે.

વિસ્તારની દૃષ્ટિએ પણ સૌથી વધુ વાવેતર દહેગામમાં ૧૧,૨૪૨ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૮૭૭૧ હેક્ટરમાં, કલોલમાં ૩૮૬૩ હેક્ટરમાં અને માણસામાં ૯૧૦૩ હેક્ટરમાં નોંધાયુ છે.

મગફળીના પાકનું સૌથી વધુ વાવેતર ગાંધીનગરમાં ૨૬૫૪ હેક્ટરમાં, દહેગામમાં ૧૩૯૧ હેક્ટરમાં, કલોલમાં ૨ હેક્ટરમાં અને માણસામાં ૬૬૨ હેક્ટરમાં નોંધાયુ છે. કપાસનું વાવેતર દહેગામમાં ૫૪૪૪ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૩૨૬૨ હેક્ટરમાં, કલોલમાં ૧૨૪૭ હેક્ટરમાં તથા માણસામાં ૪૮૩૯ હેક્ટરમાં નોંધાયુ છે.

જિલ્લામાં ઓગષ્ટમાં દિવેલા અને અન્ય પાકોનું વાવેતર શરૂ થતાં આ વખતે કઠોળ પાકોનું વાવેતર તેમજ અન્ય તેલિબિયાનું પાકોનું વાવેતર આગામી દિવસોમાં થવાની શક્યતાઓ ખેડૂતો સાથેની વાતચીતમાં જાણવા મળી હતી.

# "આઓ ગૉંવ ચલે" પ્રોજેક્ટ રિ-લોન્ચ

**ઈન્ડિયન મેડિકલ એસોસિએશનની ગુજરાત બ્રાન્ચ દ્વારા "આઓ ગૉંવ ચલે" પ્રોજેક્ટ ગાંધીનગરના સરઢવથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રિ-લોન્ચ કર્યો**




ગાંધીનગર, તા.૨૫

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઈન્ડિયન મેડિકલ એસોસિએશનની ગુજરાત બ્રાન્ચ દ્વારા રાજ્યના ૯૦થી વધુ ગામોના નાગરિકોની આરોગ્ય સુખાકારી માટેના "આઓ ગૉંવ ચલે" પ્રોજેક્ટનું ગાંધીનગર જિલ્લાના સરઢવથી રિ-લોન્ચ કરાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે સ્પષ્ટપણે જણાવ્યું કે, ગરીબ, વંચિત, પીડિત, નાનામાં નાના અને ગ્રામીણ લોકો સુધી અદ્યતન આરોગ્ય સેવાઓ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૯ વર્ષમાં વ્યાપકપણે વિસ્તરી છે.

તેમણે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના માર્ગદર્શનમાં રાજ્યમાં મેડિકલ એજ્યુકેશનનો પણ જે વ્યાપ વધ્યો છે અને વધુ મેડિકલ કોલેજીસ શરૂ થતાં હવે દર વર્ષે રાજ્યમાં અંદાજે સાત હજાર જેટલા ડૉક્ટર્સ ઉપલબ્ધ થાય છે.

એટલું જ નહીં, ગ્રામ્ય સ્તરે પણ હવે મલ્ટી-સ્પેશ્યાલિટી હોસ્પિટલ્સની સુવિધાઓ મળતી થઈ છે અને તેના પરિણામે ગ્રામીણ કક્ષાએ અદ્યતન ઈલાજ સારવાર પણ ઉપલબ્ધ બની રહેશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૯ વર્ષમાં વિકાસની રાજનીતિનો લાભ છેવાડાના વંચિત, ગરીબ લોકોને સુપેરે મળતો થયો છે.

વિશ્વની સૌથી મોટી જન આરોગ્ય રક્ષા યોજના 'આયુષ્યમાન ભારત'નું આરોગ્ય કવચ કરોડો જરૂરતમંદ લોકોને મળતું થયું છે. આ સેવાના મૂળમાં સુશાસન અને સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસની ભાવના છે, એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ઈન્ડિયન મેડિકલ એસોસિએશનને ગ્રામીણ નાગરિકોની આરોગ્ય સુખાકારીની ચિંતા કરીને "આઓ ગૉંવ ચલે" પ્રોજેક્ટ દ્વારા સરકાર સાથે સહયોગ કર્યો છે, તેની સરાહના કરી હતી અને સફળતાની શુભેચ્છાઓ આપી હતી.

આ તકે તેમણે એમ પણ જણાવ્યું કે દેશના ગૃહ અને સહકાર મંત્રી તથા ગાંધીનગર સંસદીય મતક્ષેત્રના સાંસદ શ્રી અમિતભાઈ શાહે સરઢવ અને રાંધેજાને આરોગ્ય સહિતની સેવાના કામો માટે પાંચ-પાંચ કરોડ રૂપિયા પણ ફાળવેલા છે.

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન, ગુજરાત સ્ટેટ બ્રાન્ચ દ્વારા સરઢવ ગામ ખાતે રેવાભાઈ હોસ્પિટલના સાનિધ્યમાં યોજાયેલા "આવો ગાવ ચલે"

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

LED TV રીપેરીંગ
ગાંધીનગર માટે આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# મનપાના વર્મી કમ્પોઝ્ડ ખાતરની માંગ વધી, એક માસમાં ૮૩ હજાર કિલોનું વેચાણ થયુ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મનપા દ્વારા કચરામાંથી બનાવવામાં આવતા વર્મી કમ્પોઝ ખાતરની ડિમાન્ડમાં આ વખતે વધારો જોવા મળ્યો છે. છેલ્લા એક જ મહિનામાં ૮૩,૧૪૫ કિલો વર્મી કમ્પોઝ ખાતરનું વેચાણ મનપામાં નોંધાયુ છે.

ખાતરોમાં પણ જૈવિક ખાતરને શ્રેષ્ઠ ગણવામાં આવી રહ્યુ છે. વર્મી કમ્પોઝ ખાતરનો વપરાશ જિલ્લામાં પ્રાકૃતિક ખેતી તરફનો ઝુકાવ વધતાં આ ખાતરનો વપરાશ વધ્યો છે.

મનપાએ પહેલીવાર તેના કાઉન્સીલરોની ગ્રાન્ટમાંથી વર્મી કમ્પોઝ ખાતર ખરીદી અને વૃક્ષારોપણને પ્રોત્સાહિત કરવાની મહત્વની જોગવાઈ કરી છે. જો કે હજુ કાઉન્સીલરો દ્વારા આ દિશામાં ખરીદી થઈ નથી એ પણ સૂચક છે. છેલ્લા એક મહિનામાં ખેરવા અને આસપાસના ખેડૂતો દ્વારા આ વર્મી કમ્પોઝ્ડનો ઉપાડ કરાયો હોવાનું જાણવા મળેલ છે.

મનપા દ્વારા કચરામાંથી કંચન યોજના અંતર્ગત વર્મી કમ્પોઝની પીઠો બનાવીને બનાવાવમાં આવી રહેલ છે. છેલ્લા એક મહિનામાં ૮૩ હજાર કિલોથી વધુનું વેચાણ કરી અને મનપાને રૂ. ૨.૪૬ લાખની આવક થઈ છે.

વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧-૪-૨૨ થી ૩૧-૩-૨૩ દરમ્યાન અર્થાત ગત નાણાંકીય વર્ષમાં મનપા દ્વારા ૩,૯૭,૫૬૯ કિલોગ્રામ વર્મી કમ્પોઝ્ડનું વેચાણ કરવામાં આવ્યુ હતુ અને મનપાને રૂ. ૧૩,૮૩,૨૫૭ની આવક થઈ હતી.

આ વર્ષે ત્રણ પાસના ટુંકા ગાળામાં જ ૧,૪૧,૪૪૦ કિલો ખાતરનું વેચાણ કરી ૪,૩૪,૧૨૨ રૂ.ની આવક થઈ છે. વર્મી કમ્પોઝ્ડ ખાતરનો ક્રેઝ વધ્યો છે. શહેરમાં કિચન ગાર્ડનમાં પણ આ ખાતરનો વપરાશ કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીમાં આનો વપરાશ વધાર્યો છે.

વર્મી કમ્પોઝ ખાતરનો કારણે જમીનની ફળદ્રુપતા વધે છે એટલુ જ નહિ રાસાયણિક ખાતરોના ભાવની તુલનામાં તે સસ્તુ પડે છે એટલુ જ નહિ પાકના ઉગાવામાં પણ સારા પરિણામો મળી રહ્યા છે

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com